જ્ઞાનવર્ધક ગ્રંથમાળા
મણકો ૨ જો.

બાળગીત.

રચી પ્રસિદ્ધ કરનાર

એમ. સી. પંડયાની કંપની.

બૂકસેલર, પબ્લીશર અને કમિશન એજંટ.

આવૃત્તિ પહેલી.

મુંબઈ

આંટીયા પ્રીંટીંગ પ્રેસ—મીરઝા સ્ટ્રીટ.

સંવત ૧૯૫૮. સને ૧૯૦૧.

મૂલ્ય સવા આનો.

પ્રસ્તાવના.

દિવસે દિવસે દેશોન્નતિ કરવા તરફ આર્ય બન્ધુઓનું લક્ષ દોરાયું છે. "બાળકોની તમામ શક્તિઓ ખીલવવી" એ તેનો મૂળ પાયો છે. આ બાબત આપણા હિંદવાસીઓ કરતાં પરભોમવાસીઓએ અતિશ્રમ લઈ ઘણા પ્રકારની યોજનાઓ કરી છે. તેનો કંઈક પ્રચાર ધીમે ધીમે આર્ય સ્થાનમાં થતો જોઈ હૃદય પુલકિત થયાવિના રહેતું નથી. બાળકોની શક્તિઓ ખીલવવાને કિન્ડરગાર્ટન, અને શરીર ખીલવવાને સેન્ડોલ્સ પદ્ધતિઓ ઉત્તમ છે, તેઓને અનુસરીને બાળકોને ગમ્મતની સાથે તનની, મનની અને નીતિની કેળવણી મળે અને તેઓ હોંશે હોંશે આગળ વધે એવા હેતુથી સામાન્ય જ્ઞાન, કસરત, ડ્રીલ, બોધ વચન વિગેરે વિષયોનું "પાત્ર પરત્વે વાદ વિવાદ અને કવિતા રૂપે" પુસ્તક બાહાર પ આર્ય બન્ધુઓની સેવામાં મૂકું છું.

આ પુસ્તકની રચના કરવામાં મ્યુની ભૂલેશ્વર સ્કુલના માજી હેડમાસ્તર મી. પ્રાણ દાસ કહાનદાસ અને મી. કહાનદાસ રામજી એઓએ ઉત્તેજન આપી કેટલીક ઉપયોગી સૂચન છે. તે માટે એ બંન્ને ગૃહસ્થોનો આભાર માનુ

નવું વર્ષ.
વિક્રમાર્ક સંવત
૧૯૫૮.

કર્ત્તા.

અર્પણ પત્રિકા.

મેહેરબાન નેકનામદાર અબ્દુલકાદર
ખટખટે, બી. એ.

જુમા મસ્જીદ ધર્મ ખાતાના નાઝીર
(સુપ્રીટેન્ડેન્ટ) સાહેબ. મુંબઈ.

વિદ્યા વૃદ્ધિના શુભ
કાર્યમાં આપ સદા ઉત્સુક
રહી ગુર્જર સાહીત્ય ખીલવવાની
ઉત્કંઠા રાખી યુવાન લેખકોને ઉત્તેજીત
કરોછો, સ્વદેશ અને સ્વદેશીઓ પ્રત્યેની
મમતા, માયાળુપણું અને દેશ દાઝ, ઉચ્ચાધિકારી હોવા
છતાં સાદાપણું વિવેક, નમ્રતા, પ્રામાણિક-
પણું, પ્રસંગમાં આવતા મનુષ્યો પ્રત્યે
સ્નેહભાવ દર્શાવવા જેવા અનેક
સદગુણો નિહાળી આ પુસ્તક
આપને અર્પણ કરૂં છું.

લી૦ આભારી

કર્ત્તા.

સૂચના—ગાયન નંબર બીજામાં મુસલમાન અને પારસી છોકરાઓ "હરિનું" શબ્દને બદલે "ખુદાકા" શબ્દ મૂકીને વાંચશે તોપણ ચાલશે.

શ્રીગણેશાયનમઃ

બાળગીત.

(૧)

નિર્બળ શત્રુ સબળ રાજપર—એ રાહ.

મહાદેવી માદેવી શારદા, જ્ઞાન બુદ્ધિની તું દાતા;
વાણી વિમળકર મતિ વિશુદ્ધ ભર; કર અમ દુઃખો-
ની શાતા.
તારી કૃપાથી બન્યા છે ઘણા મૂરખ પંડીત;
કાળીદાસ કીર્તિ જામી, જગે અખંડીત
માગું જોડી હાથ થાય, ગ્રંથ આ મંડીત—તારી૦

(૨)

રાગ ધનાશ્રી.

ધરો હરિનું ધ્યાન, બાળ સહુ, ધરો હરિનું ધ્યાન.
પરભાતે વે'લા ઉઠીને, (૨) ભજવું હરિનું નામ-બાળ૦
પછી વદન માતપિતાને, (૨) કરવું નીશ્ચે જાણુ-બાળ૦
આશિષ લઇ શાળાએ જાવું, (૨) કરવા ગુરૂને પ્ર-
ણામ—બાળ૦
ગુરૂ શિક્ષા શીર ચઢાવી, (૨) લેવું વિદ્યાદાન-બાળ૦
વિદ્યા લઇને સુખીયાં થાઓ, (૨) કરો પરમારથ
કામ—બાળ૦
એ રીતે જે બાળક કરશે, (૨) તેનું થશે કલ્યાણ-બાળ૦

(૩)

ચોપાઇ ત્રીતાળી.

એક કહેતાં તૈયાર તો થઇએ;
બે બોલીને ઉભા રહીએ.

૧ લો છોકરો-ત્રણ કહેવાય તમને જ્યારે;
સર્વે—નંબરો બોલવાના અમારે.
નંબર પહેલો બીજો ને ત્રીજો;
એમ નંબરો લઇને રીજો.
ચાર બોલે પે'લાએ ન ખસવું;
ત્યારે બીજે આગળ ડગ ભરવું.
ત્રીજો પાછળ ડગ ભરી જાય;
એટલે હાર ત્રણ તો થાય.
પાંચે હાથ બે લંબાવો સહુ;
છટ્ઠે મૂકીને ઉભા રહેવું.
સાતે ડગલું આગળનું ધરીએ;
આઠમે પાછળ ડગ ભરીએ.
નવમે જગા પોતાની લઇએ;
દશ બોલતાં બેશી જઇએ.

(૪)

ડમ્બલ્સ લઇને કરવાનું.

જમણો હાથ ઉંચો, ડાબો નીચો કરો,
હાથ હલાવો, અવળા સવળા, (૨) હોંશ ધરી સૌ આમ,
ઉમંગથી ઝટ કરો—તમે બાળ સૌ આ ડ્રીલ કરો—૧

જમણો નીચો, ડાબો ઊંચો, હાથ હલાવો આમ,
ઉમંગથી ઝટ કરો—તમે બાળ૦ ... ... ૨
ડાબે પડખે ડાબો લંબાવો, જમણો ઊંચો આમ,
હલાવીને ડ્રીલ કરો—તમે બાળ૦ ૩
જમણાને સૌ આડો લંબાવો, ઊંચો ડાબો આમ,
હલાવીને ડ્રીલ કરો—તમે બાળ૦ ૪
હૈયે પાછા હાથ ધરીને, કરો નીચા તમામ,
ઉમંગથી ડ્રીલ કરો—તમે બાળ૦ ૫
હાથો છૂટા થાશે આથી, તેથી કરો તમે આમ,
ઉમંગથી ડ્રીલ કરો—તમે બાળ૦ ૬

(૫)

(બારબલ્સ લઇને)

ચાલો સર્વે તત્પર થઇને, કસરત કરીએ આજ;
સરખા સીધા ઉભા રહીને, હૈયે ધરીએ હાથ.
ઊંચા કરીને, પાછા લઇને, ઊંચા કરો તમામ;
પાછળ લઇને, ઊંચા કરીને, લ્યો પાછા સૌ આમ.
લાંબા કરીને, પાછા લઇને, ધારો હૈયે ધીર;
નીચા કરીને, વાંકા વળીને, સીધા થાઓ વીર.
જમણા ફરીને, ડગલું ભરીને, કર લાંબા તો આમ;
પાછા લઇને, સીધા થઇને, ડગલુ ભરો તમામ.
લ્યો હવે પાછા, થાઓ ડાબા, ધારી હૈયે ધીર;
ડગલું ભરીને, પછી લંબાવો, વાળો એમ શરીર.
પાછા લઇને, સીધા થઇને, કરો એટલી ડ્રીલ;
અંગ કસાયે, ભૂખ વધારે, સુધારે આ દીલ.

(૬)

અચલે (૨) ન મોહુન મેરા—એ રાહ.

તમે સહુ (૨) રમવા સજ થાઓ, ડ્રીલ કરી મનડાં રીઝાવો.
પછી ડગલું ભરો સંગાથે, એમ ચાલો સર્વે સાથે;
ભરીને ડગલાં પાંચ, ન આવે આંચ, ભાગ બે
થાઓ—ડ્રીલ૦ ૧
જમણાથી ગણીને પે'લો, નંબરો સર્વે બોલો;
એક બે ત્રણને ચાર, બોલો સૌબાળ, હોંશ
બતાવો—ડ્રીલ૦ ૨
બેકી પાછા ડગ જાએ, પછી એકી અવળા થાએ;
લંબાવો જમણો હાથ, મેળવી સાથ, હાથ
હલાવો—ડ્રીલ૦ ૩
જમણા થઈને સૌ ફરીએ, પછી ગોળ કુંડાળું વળીએ;
ભરીને ડગલાં ચાર, તોડવી હાર, જગાએ
જાઓ—ડ્રીલ૦ ૪

(૭)

ઈશ્વર લીલા.

અકળ કળા ઈશ્વર કેરી, જુગતે જુઓ સહુ બાળ;
નદી સરોવર વાવ કૂવા ખીલિ વનસ્પતિ ગુલ્જાર
ફૂલોફળ સુરંગ શોભે, જોઈ મન લોભે—અકળ૦ ૧
ચંપા ચંબેલી શેવતી મોગરો જાઈ જૂઈ અથાગ;
કેતકી કેવડો ગલતોરા ગુલાબે ખીલિ રહ્યા બાગ.
ખૂશબોદાર મંદ વા વાયે શીતળ તન થાએ—અકળ૦ ૨
મોર પોપટ મેના કોયલડી વૃક્ષે કૂદી કરે કીલકોર;

છૂટે ફૂઆરા ઝરમર ગુંજારે ભમર ઝીણું શાંર.
લઇને પૂષ્પ સુગંધી, થાએ આનંદી—અકળ૦ ૩

(૮)

સંપ વિષે. (કુદ્રતહૈ સુબહાની-એ રાહ).

અરે ઓ બેન ભાઈ, જો રાખશો જુદાઈ,
તો થાશો દુઃખી આંહી, એમાં નહિ નવાઈ—અરે૦ ૧
કુસંપ બીજ ખોટું, દુઃખ દેછે સૌથી મોટું;
જરૂર રાખે રોતું, વિચાર કરી જો તું—અરે૦ ૨
દુર્યોધન કેમ મૂઓ, તે શોધી તમે જુઓ;
પૂરો છો તમે કૂઓ, જો સંપ તમે ખૂઓ—અરે૦ ૩
જ્યાં હોયના કુસંપ, ત્યાં સુખશાન્તિ જંપ;
ધરી ધીરજ ખંત, આણો કુસંપ અંત—અરે૦ ૪

(૯)

શરીરના ભાગો (દોહરા).

શરીરના બે ભાગ છે, ડોકું ને ધડ જાણ;
ઉપરનું ડોકું ગણી, નીચેનું ધડ માન.
ડોકામાં તો હોય છે, આંખ નાકને કાન;
કપાળ લમણાં ગાલને, મોંઢું દાઢી જાણ.
મોંમાં જીભને દાંત છે, આગળ હોઠજ હોય;
ધડ ડોકા વચ્ચે ગળું, પાછળ બોચી જોય.

(૧૦)

ભૂજંગી છંદ.

ગળાની નજીકે, ખભા એજ આવે,
વળી કાખ તેનીજ, સાથે કહાવે;
ઝુલે ભાગજે તેહને હાથ જાણો,
વળી માંહિ કોણી તથાં કાંડુ માનો. ૧

જુઓ આંગળાં હાથ છેડે રહેલાં,
હથેળી અને નો'ર સાથે જડેલાં;
ગળાની નીચે છાતી ને પેટ આવે,
વળી પેટની માંહિ ડુંટી કહાવે. ૨

પછી આવશે પાય કેરોજવારો,
મહીં ઢીંચણો નાળ ને જાંગ ધારો;
તળીયું અને એડીને ઘુંટિ ધારો,
વપુરે તણા એહ ભાગો વિચારો. ૩

દોહરો.

પેટ છાતીની પાછળે, વાંસો તો કે'વાય;
તેનું વચલું હાડકું, કરોડથી પરખાય.

(૧૧)

પગ કહે હું હાલું ચાલું, હાથ કહે હું કામ કરૂં;
મૂખ કહે હું ચાવી ચાવી, આ ગોજારૂં પેટ ભરૂં.
નાક કહે સુગંધ લઇને, પ્રફુલિત સૌનાં દીલ કરૂં;
આંખ કહે હું જોઈ જોઇને, કુદરતનું તો ભાન કરૂં.

(૧૧)

કાન કહે સૌ સારા નરસા, શબ્દ સાંભળી તોલ કરો;
આ જીભે તો સ્વાદ ચાખીને, તરપત થઇને ઠીક ઠરો.

(૧૨)

સગાઈ. (દોહરો.)

પુજ્ય પિતાના ભાઇને, કાકા તો કે'વાય;
માતા કેરા ભાઇને, મામા કહી મલકાય.
ફોઈ બાપની બેનને, માસી માની બેન;
માસો માસીનો ધણી, વદો વિચારી વેણ.
ફોઇ તણા ભરથારને, ફુઆ જાણો આપ;
સાળો વહુનો ભાઈ તે, સસરો વહુનો બાપ.
સબંધ કાકા કાકીનો, વર વહુનો તો જાણ;
મામી મામાની વળી, એ રીતે એધાણ.

(૧૩)

વહુ જે મોટા ભાઈની, ભાભી કહી બોલાવ;
દીયર તુજને એ કહી, લે લાખેણો લા'વ.
સાળી વહુની બેનને, સાસુ તેની માય;
સાઢુ સાળીનો ધણી, સબંધ જગની માંય.
સાળાની વહુ તો વળી, સાળાવેલી જાણ;
જે પતિ તુજ દુહિતા તણો, જમાઈ એ ઓળખાણ.
ભગનિ જેહ ભરથારની, નણંદ તો કે'વાય;
વડીલબંધુ સ્વામિતણા, સ્રીને જેઠજ થાય.
પત્નિ જેહ દીયર તણી, દેરાણી તે જાણ;
જેઠાણી વહુ જેઠની, એમ વદે વિદ્‌વાન.

(૧૪)

છપ્પો.

નણંદનો ભરથાર, તેહ નણદોઈ કહાવે
માનુ પિયર મોસાળ, પક્ષનાં મોળાઈ થાવે
માસીના મસીઆઇ, કાકાના પિત્રાઇ જાણું
સર્વે એહ સગાઈ, હેતથી આજ વખાણું.
બીજી માનાં છોકરાં, ઓરમાયાં ઓળખાય છે,
માના બીજા ધણીતણા દૂધ ભાઇઓ કહેવાય છે.

(૧૫)

રંગ વિષે (દોહરા).

૧ લો છોકરો–મૂખ્ય રંગ છે કેટલા વદો વિચારી વાત;
૨ જો ———રાતો
૩ જો ———......પીળો
૪ થો ———..........વાદળી.
સર્વે ———.................એ રંગોની જાત.
૧ લો ———બીજી જાત રંગો તણી, કેવી રીતે થાય.
૨,૩,૪ થો—એકબીજાના ભેળથી, બીજા રંગ જણાય.
૫ મો———નારંગીના ભેદની સમજાવોને વાત
૨ જો——–રાતો } મેળવી, કર નારંગી જાત.
૩ જો———......પીળો }
૬ ઠો—લીલો શાથી થાય છે,
૩ જો— .... પીળો
૪ થો—........................વાદળી જોય;

૭ મો—ભાગો જાંબુ કેમ બને,
૪ થો—.........................વાદળી
૨ જો—.......................... રાતો હોય.
૮ મો—જાંબુઓ બાકી રહ્યા, સમજાવોને આજ;
૪ થો—વત્તા વાદળી રંગને, ભેળવ રાતા સાથ.
સર્વે—રાતો પીળો વાદળી, ભાગો જાંબુ જાત;
લીલો નારંગી અને, જાંબુઓ મળી સાત.
૯ મો—પણ ભાઇ? ધોળો શી રીતે થાય?
સર્વે—સાતે રંગો મેળવો, થાએ ધોળો ત્યાંય;
૯ મો—સંદેહ ભાગ્યો મનતણો, હર્ષ થયો ઉરમાંય.

(૧૬)

પોપટ વિષે વાત.

૧ લો છોકરો-જુઓ આ પોપટ ભાઇ કેવા છે?
૨ જો ,, —અરે જોયા જોયા, તમારૂં નાક તો વાંકુ નમેલું છે.
૩ જો ,, —અને લોહી જેવું રાતું છે.
૧ લો ,, —પણ સૌને મારા જેવું હોય તોજ વ્હાલું લાગે છે તો.
૪ થો ,, —એ તો ખરૂં! પણ તમારો રંગ તો લીલો છે, મને તો આ ગુલાબના જેવો હોય તો ગમે.
૧ લો ,, —તમને ન ગમે તો શું થયું? પણ બીજા બધાને ગમે છે તો.

૫ મો ,, —એ તો ઠીક! પણ તમારે ગળે કાળો પટો કેમ છે?

૧ લો ,, —એ પટો નથી પણ કાંઠલો છે. અને તેથીજ હું શોભું છું. વળી હું મીઠા બોલ બોલું છું, તે સૌને ગમે છે. મને જે શીખવે છે તે હું ઝટ શીખું છુ. વળી સર્વે સાથે હળી જાઉં છું તેથી બધા લોક મને પાળે છે.

ચોપાઈ.

લીલો હરીયાળો જે રંગ, તે દીપાવે છે મુજ અંગ;
ચાંચ એક રાતી છે વળી, ઝટ જઉ સર્વે સાથે હળી.
ગળે કાંઠલો કાળો ધર્યો, સુંદર વાણીને હું વર્યો;
શીખું હું જે શીખવો તમે, મારૂં બોલ્યું સૌને ગમે.

(૧૭)

અભિમાન તજવા વિષે.

મચ્છર—કેમ છે, આખલા ભાઈ?

હરિગીત છંદ.

આખલો—રે! મચ્છરા તું જાને અહીંથી પ્રાણ
તુજ ગુમાવશે;
મચ્છર—ગણીઓ તે મુજને તુચ્છ પણ, આ
મચ્છરો અકળાવશે.

આખલો—જો આપડું મુજ પૂચ્છ તો હું, લેઉ
તારા પ્રાણને;
મચ્છર—જોજે પરાક્રમ માહરાં,
આખલો—................ જા થાય તે તું બતાવને.
એક છોકરો—

દોહરો.

મચ્છર ઉડી જઇ પડયો, તેના નાકની માંય;
અકળાઇને આખલે, પાડી બુમો ત્યાંય.
બીજો છોકરો—ઓહો આ તો ભાઈ

હરિગીત.

રાવણ સમા બળવાનનો, અભીમાન રામે મોડીઓ;
તેમ આખલાનો ગર્વ આજે, મચ્છરાએ તોડીઓ.
એક છોકરો—

ચોપાઈ.

શીખ ગ્રહો માટે સૌ બાળ, અભીમાનને ગણવો કાળ;
સરખા માનો નીચને ઊંચ, ગણવા નવ કોઇને તુચ્છ,

(૧૮)

કપાસ વિષે વાત.

૧ લો છોકરો—આ કપાસનો છોડ જોયો ? કેવો ખા-
લી રહ્યો છે ?
૨ જો „ —વાહ ભાઈ વાહ ! તમને એવું એવું

ભલું સૂજે છે. આ ચંપો, મોગરો, જાઇ, જુઇ કેવાં ખીલી રહ્યાં છે. તેની સુગંધી લેવાની મૂકીને એમાં તે શું જોવું !

૧ લો ,, —વાહ મહેરબાન ! ત્યારે તો તમે કપડાં ઉતારીને સુગંધ લીધા કરો. (તેનાં કપડાં ઉતારવા માંડે છે).

૩ જો ,, —(પહેલાને) તમે આમ ગાંડાની માફક શું કરોછો ? કપાસમાં તે શું જોવાનું છે ? એના ફૂલમાં તો જરાએ વાસ નથી.

૧ લો ,, —ગાંડા તો તમે થયા છો કે કપડાં ઉતારીને વાસ નથી લેતા.

૪ થો ,, —એ સારૂં દેખાય કે ?

૧ લો ,, —ત્યારે તમે બધા છોડને માનથી જુઓ અને કપાસને તરછોડો એ સારૂં દેખાય કે !

૪ થો ,, —એમાં શું ખોટું ?

૧ લો ,, —ખોટું એજ કે તમે પહેરેલાં લુગડાં એમાંથી થાય છે. તોપણ તેની તમને દરકાર નથી.

સર્વે ,, —(હસીને) એમ તે હોય ! આટલાં બધાં કપડાં એમાંથી કેવી રીતે થાય ?

૧ લો ,, —ધ્યાન દઇને જુઓ અને સાંભળો તો માલુમ પડે.

સર્વે ,, —બોલો ત્યારે તો.

૧ લો ,, —જુઓ આ છોડ, તેનાં આ ફૂલ, ફૂલ ખરી જઇને જીંડવું થાય, તાપથી જીંડવું ફાટે, એટલે કાલું કહેવાય, કાલામાંથી કપાસને કાઢીને ચરખામાં પીલે એટલે રૂ અને કપાસીઆ જુદા થાય, પછી રૂને પીંજે, કાંતે એટલે સુતર થાય, સુતરને જુદા જુદા રંગો-થી રંગીને જુદા જુદા રંગનાં કપડાં બનાવે છે.

ચોપાઈ ત્રીતાળી.

સર્વે—

જુઓ જુઓ કપાસનો છોડ, ફૂલો ખીલ્યાં છે જોડાજોડ.
ફૂલ ખરી જીંડવું બધાય, ફાટે જીંડવું કાલું કહેવાય.
કાલામાંથી કપાસને કાઢી, રૂને ચરખો દે જુદું પાડી.
બાકી નીકળતું જે બીજ, કપાસીઆ ઓળખી રીજ.
રૂને પીંજી કાંતે જ્યારે, સુતર બને છે ત્યારે.
નવિન રંગોથી સુતર રંગે, કપડાં વણીને પે'રોએ અંગે.

(૧૯)

ટીપરી વિષે. (દોહરો).

બે પાશેરે ટીપરી, શેરની ટીપરી બે;

(૧૯)

તેમ ચાર તો શેરની, પાલીજ માની લે.
સોળ પાલીએ તો વળી, ફરો એક તું જાણુ;
એવા આઠ ફરામળે, ખાંડીનું એધાણુ.

(૨૦)

રોળા અથવા કાવ્ય વૃત્ત.

કેવાં પાણી અઢે, લાઠ પર લાઠ વધે છે;
કાંઠે અડતાં વાર, ઝડપથી ફરી વળે છે.
સફેદ કાળી રેત, શોભવે કોઈ કિનારો;
કોડી શંખને શીપ, કયાંક ખડકોની હારો.
હોડી વ્હાણને બોટ, તરાપા હોડકું હોયે;
તે પર બેસે લોક, ના'યને તરેજ કોયે.
પુજન કરે ધરી ભાવ, આચમન કોઈ કરે છે;
સુખી દુઃખી સૌ લોક, રચના દેખી ઠરે છે.
તરંગ આવે જાય, થાએ ઓટને ભરતી;
સુચવે જગ ઘટમાળ, દશા ચડતીને પડતી.
ઉછળે મોજાહાર, જાણુ તોફાનજ ભારી;
નમી નમી કે' વ્હાણુ, મને તું લેજે તારી.
હોય પવન જો શાંત, વ્હાણુ જાયે નાચંતું;
લીલા એવી અપાર, જોઈ મન રે' રાચંતું.
ઘણાં ભર્યાં છે રત્ન, મચ્છ કચ્છ મોટા નાના;
તુજ સેવન વિણુ કહે, લોક સૌ મીઠા વિનાના;

(૨૧)

વિદ્યા લક્ષ્મી સંવાદ—રાગ માઢ.

વિદ્યા—છે વિદ્યા શ્રી દાઇ, આ વિશ્વમાંહી, છે સુખ
કેરી ખાણ,
શ્રમ લઇને શીખીએ સર્વે,
ન રે'વું આળસ હુજુર;
રમ્મત ગમ્મત મમ્મત મૂકી,
ભણવા થવું આતુર રે—છે વિદ્યા૦

લક્ષ્મી—સર્વે સાચી વાત કહી પણ,
લક્ષ્મી વિના સૌ વ્યર્થ;
વ્યવહાર લોકમાં રહે નહિ,
થાય પૈસા વિના અનર્થ રે.
છે પૈસે વડાઇ, આ જગમાંહી,
પૈસે નવાઈ, હેમને માન છે.

વિદ્યા—એ તો ખરૂં પણ $\frac{\text{શાણા}}{\text{શાણી}}$ સાંભળ,
વિદ્યાના કરૂં વખાણ;
વિવેક વિનય વાણી મધુરતા,
અખંડ કીર્તિ જાણરે—છે વિદ્યા૦

લક્ષ્મી—માન મળે ધનવાનને રે,
રાજ્ય કચેરી માંય;
ખમા ખમા સૌ કો કરે,
જેની પંડીત ઇચ્છે છાંયરે—છે પૈસે૦

વિદ્યા—પોતા તણા એક દેશની માંહિ,
શ્રીમંત ઘણું તો પુજાય;
સ્હાયક જેને સરસ્વતિ તે વિર,
સર્વ સ્થળે પુજ્ય થાય રે—છે વિદ્યા૦

લક્ષ્મી—માન્ય કરી મેં શીખ તમારી,
વિદ્યા ખજાનો ખરો,
વિદ્યા વિના જીવતર છે નકામું,
શાણા/શાણી એ સાર ગ્રહ્યો રે—છે વિદ્યા૦

(૨૨)

બાગ વિષે.

ફરો બાગમાં, હાંહાંરે ફરો બાગમાં, ધરીને ચરણ
ધીરે ધીરે
ધીરે ધીરે ધીરે ધીરે ધીરે ધીરે, હો ફરો બાગમાં૦
ખીલી વેલડી, ચંપો ચંબેલડી,
છૂટે ફૂવારો ભર્યો નીરે નીરે, હો ફરો બાગમાં.

સાખી.

ઠંડી લેહેકી પવનની, ઉડે છે ચોપાસ;
હૈયું શીતળ થાય છે, લેતાં ખૂબ સુવાસ.
કોયલ મેના તરૂ ડાળ, બેસી બોલેરે;
કરે કલ્લરવના ગુંજાર, મળી સહુ ટોળેરે—હો ફરો૦

(૨૩)

સદ્‌ગુણ વિષે.

(સુંદર શામળીઆ-એ રાહ)

સદ્‌ગુણ વિણ સજનો/સજની, શીખ્યું સરવ નકામુ
જેમ લુણ વિણ સજનો/સજની, લૂખું ભોજન ભાણું —સદ્‌૦
ભલે વાંચતાં લખતાં શીખ્યાં,
પીંગળ પાઠ પઢંતાં શીખ્યાં,
ભલાં ભાષણો કરતાં શીખ્યાં,
"વિજય" કહે સદ્‌ગુણ નવ શીખ્યાં,
ધૂળપર લીંપણુ સમાણું—સદ્‌ગુણ૦

(૨૪)

ચોમાસા વિષે ગરબો.

જોજો ગગને જામ્યો ગમઘોર—ચોમાસું આવ્યું રે,
જામ્યું વાદળીઓનું જોર— ,,
કરે મોર કોયલ ટહુકાર— ,,
આખા જગમાં છાયો અંધકાર— ,,
ગાજે મેઘને વીજળી થાય— ,,
મીઠા વાયુ તણી લ્હેર વાય— ,,
પડે ઝરમર ઝરમર નીર— ,,
ભરે નદી સરોવર તીર— ,,
તીર તોડી પાણી વહી જાય— ,,
ભીંજે ધરતી તેથી ધાન્ય થાય— ,,

એ ધાન્યે આ જગથી જીવાય— „
"વિજય" તેથી ચોમાસાને ચા'ય-- „

(૨૫)

(ગરબો.)

શાણી સખી સ્ત્રીઓનો સંસાર સાર
એક પ્રભૂ પતિને પ્રમાણુ જો
પ્રભૂમાં ને પતિમાં લગાર ભાર
ભામિનીઓ ભેદ નહિ જાણજો--શાણી૦

સાખી.

ગંગા યમુના નર્મદા, આદી તીરથ સ્નાન;
પ્રમદાને પતિ ચરણુની, પુજાનું જળપાન.
તન મન ધન અરપણુ કરી સર્વ, સુંદરી સેવો પતિરે;
સુધરે આ લોકને પરલોક, પામો શુભ ગતિરે.
છે નાવ ભવ સાગરનું ભરથાર, એથી સુખે તરવો
આ સંસાર--તનમન૦

સાખી.

પતિ પર નહીં પ્રેમજ્યાં, કોટિ તિર્થ ફળવ્યર્થ;
કોટિ તિર્થથી પણુપતિ, ભકિત મહા સમર્થ,
"વિજય"ની વાણી ધરો આધ્યાન.
પામો અવિચળ સતીનું માન--તનમન૦

સમાપ્ત.

આ પુસ્તક મળવાનું ઠેકાણું.

ભૂલેશ્વર ભાણાભાઇની ચાલી અગર અનંતવાડી

નં૦ ૧૫ ભૂલેશ્વર મુંબઇ.